અપીલ અરજી નં.૩૯૪ તા.૧૧–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા. ૧૦–૧૦–૧૧ની અરજીથી સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલઝોનના ઝોનલ ચીફ તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં./૧૧૮૪ તા.૧–૧૦–૧૧ના પત્રમાં જણાવવામાં આવેલ છે કે વોર્ડ નં.૪–એ માં B.P.M.C.એકટ મુજબ જરીગીલીટના એકમોને જવલનશીલ પદાર્થોનો પરવાનો અગાઉ આપવામાં આવેલ તેને અત્રેની ઓફિસ તરફથી નિયમ મુજબ ફાયર ખાતાનું એન.ઓ.સી.લેવા માટે નોટીસો આપવામાં આવેલ તેવું જણાવેલ તો ફાયર વિભાગ તરફથી જરીગીલીટના એકમોમાં વપરાતાં જવલનશીલ પદાર્થોનો પરવાનો આપવા માટે કેટલા જરીના એકમોવાળાએ ફાયર વિભાગમાં અરજી કરવામાં આવી તે તમામની અરજીની નકલ ફાળવવી તેમજ ફાયર વિભાગ તરફથી કેટલા જરીગીલીટના એકમોને જવલનશીલ પદાર્થ વપરાશ કરવાના પરવાના આપવામાં આવ્યા તે તમામની સર્ટીફાઈડ નકલ ફાળવવી માહિતી આપો વિ. માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૧–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૯૪/૨૦૧૧–૧૨

શ્રી હેમંત એન. દેસાઈની તા. ૧૦–૧૦–૧૧ની અરજીથી સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલઝોનના ઝોનલ ચીફ તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં./૧૧૮૪ તા. ૧–૧૦–૧૧ના પત્રમાં જણાવવામાં આવેલ છે કે વોર્ડ નં.૪–એ માં B.P.M.C.એકટ મુજબ જરીગીલીટના એકમોને જવલનશીલ પદાર્થોનો પરવાનો અગાઉ આપવામાં આવેલ તેને અત્રેની ઓફિસ તરફથી નિયમ મુજબ ફાયર ખાતાનું એન.ઓ.સી.લેવા માટે નોટીસો આપવામાં આવેલ તેવું જણાવેલ તો ફાયર વિભાગ તરફથી જરીગીલીટના એકમોમાં વપરાતાં જવલનશીલ પદાર્થોનો પરવાનો આપવા માટે કેટલા જરીના એકમોવાળાએ ફાયર વિભાગમાં અરજી કરવામાં આવી તે તમામની અરજીની નકલ ફાળવવી તેમજ ફાયર વિભાગ તરફથી કેટલા જરીગીલીટના એકમોને જવલનશીલ પદાર્થ વપરાશ કરવાના પરવાના આપવામાં આવ્યા તે તમામની સર્ટીફાઈડ નકલ ફાળવવી માહિતી આપો વિ. માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૧–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે માંગેલ માહિતી અંગે નકલ સહ દફતરી હકીકત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૨૩ તા.૨૧–૧૧–૧૧ થી** ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળેલ હોય તો તે મળ્યા બાદ નારાજગી હોય તો આધાર સહ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ફાયર વિભાગ તરફથી પત્ર નં.એફઈએસ/૩૭૮૨ તા.૨૮–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એફઈએસ/આ.નં૩૬૧૭ તા.૮–૧૧–૧૧ ના પત્રની નકલ, પત્ર નં.એફઈએસ/જાવક આ.નં૩૬૯૬ તા.૧૭–૧૧–૧૧થી અરજદારને આપેલી માહિતી અંગેના પત્રોની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૮–૧૧–૧૧ નો પૂરક પત્રમાં જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીનો પત્ર, મીનાક્ષીબેન દિલીપકુમાર જરીવાલાની, સવિતાબેન જરીવાલાની તા.૯–૮–૧૧ ની અરજી, સૂર્યકાંત ગીલીટવાળાની તા.૧૨–૮–૧૧ ની અરજી, કામીની ટ્રેડીંગની તા.૧૭–૮–૧૧ ની અરજી, ધનસુખભાઈ ઈશ્વરભાઈ ની તા.૧૭–૮–૧૧ ની અરજી, શૈલેષભાઈ ગીલીટવાળાની તા.૨૪–૮–૧૧ની અરજી યુનીટ ટ્રેડર્સની તા.૨૩–૮–૧૧ ની અરજી, બાલાજી ટ્રેડર્સની તા.૨૫–૮–૧૧ ની અરજી , જશવંત જરીવાલાની તા.૧૨–૯–૧૧ ની અરજીની નકલો અરજદારે રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૦–૧૦–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૨૪૫ તા.૧૧–૧૦–૧૧ થી ચીફ ફાયર ઓફિસર ફાયર વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી તા.૧૧–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. જે અંગે અત્રેથી બંને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગવામાં આવેલ. જેમાં

જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એફઈએસ/જાવક/૩૬૧૭ તા.૮–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ. " સદર અરજી બાબતે માહિતી માંગવા માટેની તા.૧૦–૧૦–૧૧ ની અરજી આઈ ડી નં.૯૯૪ તેમજ કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૪૫ તા.૧૧–૧૦–૧૧ જોઈ લેવા વિનંતી. (૨) માંગવામાં આવેલી માહિતી સંદર્ભ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસીસ વિભાગના રેકર્ડ મુજબ ફાયર વિભાગ તરફથી જરી ગીલીટના એકમોમાં વપરાતા જવલનશીલ પદાર્થોનો પરવાનો લેવા માટે કુલ–૦૯ અરજદારશ્રીએ ફાયર વિભાગમાં અરજી કરી છે જે અરજીની નકલ તમોન જરૂરીયાત હોય તો તેની નકલ ફી એક પાનાના રૂા.૨/– લેખે કુલ–૦૯ પાનાના રૂા.૧૮/– નાગરિક સુવિધાકેન્દ્રમા ભરી નકલો ફાયર વિભાગની કચેરીમાંથી મેળવી લેવી અને અને ફાયર વિભાગ તરફથી કોઈ પણ જરી ગીલીટના એકમોને જવલનશીલ પદાર્થ વપરાશ કરવાના પરવાના આપવામાં આવ્યા નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૯૨૩૫૮ તા.૧૨–૧૧–૧૧ થી રૂા.૧૮/– થી નકલ ફી ના નાણા ભરતા અરજદારને પત્ર નં.એફઈએસ/જાવક/૩૬૯૬ તા. ૧૭–૧૧–૧૧ થી અરજદારોએ કરેલી અરજીની નકલ નંગ–૯ પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અપીલ તબકકે જરી ગીલીટના એકમોમાં જવલનશીલ પદાર્થનો વપરાશ થાય છે તેવા કેટલા જરી ગીલીટના એકમોને પરવાના રીન્યુ તેમજ નવા ફાળવાયા તેની જાણકારી આપવામાં આવેલ નથી. તેમજ જાહેર માહિતીઅ ધિકારીએ સમયગાળામાં માહિતી આપેલ નથી તે અંગે કાર્યવાહી કરવાની રજૂઆત કરેલ છે. આમ અરજદારે અપીલ તબકકે જરી ગીલીટ એકમોના પરવાના રીન્યુ તેમજ નવા ફાળવાયાની માહિતીનો પ્રશ્ન મુળ અરજીથી અલાયદો ઉપસ્થિત કરેલ છે. અત્રે એ પણ સૂચક છે કે અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ નવ નકલો –અરજીઓ સ્વયં સ્પષ્ટ છે. જેમાં રીન્યુ માટેના એન.ઓ.સી. અભિપ્રાયની અરજીનો પણ સમાવેશ થયેલો નકલો પરથી સ્પષ્ટ થાય છે. તેમ છતાં અરજદારે નકલોના અભ્યાસ વિના અપીલ તબકકે રજૂઆત કર્યાનું પ્રતિપાદિત થાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૧૦–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારએ અપીલની પૂરક વિગતોમાં જરી ગીલીટના એકમોના પરવાના રીન્યુ તથા નવા ફાળવણી બાબતે મુળ અરજીથી અલાયદા ઉપસ્થિત કરેલ પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીને આરટીઆઈ એકટની જોગવાઈ અને નિયમોનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન....જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,